'સન્ડે ઈ-મહેફીલ' તા. ૪થી જુન ૨૦૦૬થી બીજા વર્ષમાં પ્રવેશે છે. વર્ષ દરમ્યાન દેશવીદેશથી અનેક અજાણ્યા પણ નર્યા સ્નેહાળ મીત્રો મળ્યા. સૌનો સ્નેહ આ કાર્ય અમને વધુ વફાદારી અને નીષ્ઠાથી કરતા રહેવાની સતત પ્રેરણા આપે છે. સૌનો દીલી આભાર. (નીચે પણ વાંચશો..)

| | | |
|---|---|---|
| શ્રેષ્ઠની<br>અપેક્ષા સેવો | shreshth'ni<br>apexa' sevo | Expect The<br>Best |
| જીંદગી વીશે રોમાંચક વાત એ છે કે તે અમર્યાદીત શક્યતાઓથી ભરેલું નવું પ્રભાત હરરોજ આપણી સમક્ષ ધરે છે. | jindgi vishe roma'nchak va't e ch'e ke te amarya'dit shakyata'othi bharelu navu prabha't harroj a'pan'i samax dhare ch'e. | What's exciting about life is that every morning offers a brand new day with unlimited possibilities. |
| ગઈ કાલની ભુલો અને વસવસો એ ગઈકાલનાં છે. આજની સવાર તો કોરો કાગળ છે, નવેસરથી એકડો માંડવાની તક;<br>તમે કંઈ પણ કરવા કે બનવા ઈચ્છો તેની તક;<br>તે મેળવવા આગેકદમ માંડવાની તક. | gai ka'lni bhulo ane vasvaso e gai ka'lna' ch'e. a'jni sava'r to koro ka'gal' ch'e, navesarthi ekd'o ma'nd'ava'ni tak; tame kain pan' karva' ke banva' ichch'o teni tak; te mel'avva' a'gekadam ma'nd'ava'ni tak. | Yesterday's mistakes and regrets belong to yesterday.<br><br>Today is a clean slate, a chance to start over,<br>to do or become anything you want,<br>a chance to go for it! |
| તો, આગળ વધો, મસ્તક ટટાર રાખી, ઉત્તમની અપેક્ષા રાખી, બેય પગે જીંદગીમાં ઝંપલાવો. તમને કદાચ નવાઈ લાગશે કે કેટલીયવાર તમને તે જ આવી મળશે જેની તમે અપેક્ષા સેવેલી..<br>('ઉંઝાજોડણી'માં અને 'કલાપી' ફોન્ટમાં) | to, a'gal' vadho, mastak t'at'a'r ra'khi, uttamni apexa' ra'khi, bey page jindagima' zampala'vo. tamane kada'ch nava'i la'gshe ke ket'aliy va'r tamane te j a'vi mal'ashe jeni tame apexa' seveli.<br>(written in eBha'rti-Romanized Gujra'ti) | So, jump into life with both feet!<br>Go forward,<br>head held high,<br>expecting the best....<br><br>you may be surprised at how offen that's exactly what you'll get.<br><br>--Unknown |

નવા વર્ષે તળગુજરાતથી દુર, દરીયાપાર વસીને પણ ગુજરાતી સાહીત્યની સાધના કરતા સમર્થ સર્જકોની કૃતીઓની **સન્ડે ઈ-મહેફીલ** ‘વીદેશ-સર્જનોત્સવ’ ઉજવવાનું નક્કી થયું અને સ્નેહી શ્રી. હરનીશભાઈ જાનીએ એના સંપાદનની સઘળી જવાબદારી સહર્ષ સ્વીકારી એનાથી વધારે રુડું શું? સૌ સાહીત્યસર્જકોનો અને ભાઈ શ્રી.હરનીશ જાનીનો ખુબ ખુબ આભાર..વીદેશના સર્જકમીત્રોનાં સુચનો અવશ્ય આવકાર્ય, આગ્રહ પણ ખરો જ.. સુચનો અને કૃતીઓ શ્રી. હરનીશભાઈને મોકલવા વીનંતી. ઈ-મેઈલ સંપર્ક : **harnish5@yahoo.com**

તો માણીએ આગામી સપ્તાહથી વીદેશસ્થીત સર્જકોની કૃતી....

તા. ૨૮ મે ૨૦૦૬ની ‘સન્ડે ઈ-મહેફીલ-૫૧’ માટે અક્ષરાંકન :
uttamgajjar@hotmail.com